જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા ૧૩ ઓગષ્ટે રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં ૧૩મી ઓગષ્ટના રોજ કાનૂની સેવા સત્તામંડળ દ્વારા જિલ્લાકક્ષાએ તેમજ તાલુકાકક્ષાની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પક્ષકારોને અને વકીલમિત્રોને લાભ લેવા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગરના સચિવ વી.એસ. ગઢવી દ્વારા એક યાદીમાં જણાવાયું છે. રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ, નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદની સૂચના અનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, પ્રથમ માળ, ન્યાયમંદિર, સેક્ટર-૧૧, ગાંધીનગર દ્વારા ૧૩મી ઓગષ્ટના રોજ જિલ્લાકક્ષાએ તેમજ તાલુકા કક્ષાની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રીય લોક અદાલતમાં સમાધાન લાયક ફોજદારી કેસો, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૩૮ના કેસ, બેન્કના લેણાના દાવા, મોટર અકસ્માત વળતરના કેસ, લેબરને લગતા કેસ, ઈલેક્ટ્રીસીટી તેમજ પાણીના વેરાના કેસ, લગ્ન વિષયક કેસ (છૂટાછેડા સિવાયના), જમીન સંપાદનના કેસ, પે, અલાઉન્સીસ અને રીટાયરલ બેનીફીટ્સને લગતી સર્વિસ મેટર, રેવન્યુ કેસ, અન્ય સીવીલ કેસોમાં લોક અદાલત દ્વારા વિવાદોનું ઝડપી અને સંતોષકારક રીતે સમાધાન કરવા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગર ફોન : ૦૭૯૨૩૨-૪૮૫૦૫, કાનૂની સેવા સમિતિ ગાંધીનગર ફોન : ૦૭૯૨૩૨-૩૦૪૪૩, તાલુકા કાનૂની સેવા સમિતિ કલોલ ફોન : ૦૨૭૬૪-૨૨૬૪૭૧, તાલુકા કાનૂની સેવા સમિતિ માણસા ફોન : ૦૨૭૬૩-૨૭૦૩૩૫, તાલુકા કાનૂની સેવા સમિતિ દહેગામ ફોન : ૦૨૭૧૬-૨૩૨૩૦૯ ઉપર સંપર્ક સાધવાનો રહેશે તથા વધુ માહિતી માટે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર, રૂમ નં. ૧૦૧, પ્રથમ માળ, ન્યાય મંદિર, સે. ૧૧નો સંપર્ક કરવા જણાવાયું છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યો 'હર ઘર તિરંગા' અભિયાનમાં ઉત્સાહભેર જોડાશે

કલ્ચરલ ફોરમ સભ્યોને રાષ્ટ્રધ્વજ અને ધ્વજદંડ વિના મૂલ્યે પુરા પાડશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ૫,૦૦૦ જેટલા સભ્યો તા. ૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન પોતાના ઘર પર આન, બાન અને શાનથી તિરંગો લહેરાવશે. આ માટે ગાંધીનગર કલ્ચરલ ફોરમ પોતાના સભ્યોને

રાષ્ટ્રધ્વજ અને લહેરાવવા માટે ધ્વજદંડ વિનામૂલ્યે પૂરા પાડશે.

ગાંધીનગર કલ્ચર ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્તભાઈ જહાએ જણાવ્યું હતું કે સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન દ્વારા સંવેદનશીલ સમાજ નિર્માણ માટે પ્રતિબધ્ધ ગાંધીનગર કલ્ચરલ ફોરમ સામાજિક જવાબદારીઓ નિભાવવામાં પણ હર હંમેશ અગ્રેસર છે. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રભાવનાને વધુ બળવત્તર બનાવવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ઘર ઘર તિરંગા'ના આહવાનને ગાંધીનગર કલ્ચરલ ફોરમે ઉત્સાહભર્યો પ્રતિસાદ આપ્યો છે અને કલ્ચરલ ફોરમના દરેક સભ્ય પોતાના ઘર પર તિરંગો લહેરાવે એવી વ્યવસ્થા કરી છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યોને અનુરોધ કરવામાં આવ્યો છે કે, પોતાના સભ્યપદની વિગતોની જાણકારી આપીને પોતાનો રાષ્ટ્રધ્વજ અને ધ્વજદંડ ગાંધીનગર સમાચાર કાર્યાલય, બ્લોક નંબર ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી સવારે ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા દરમિયાન વિનામૂલ્યે મેળવી શકે છે. હર ઘર તિરંગાની સાથે સાથે કલ્ચરલ ફોરમે દરેક સભ્ય પોતાના ઘર આંગણે ઓછામાં ઓછા બે વૃક્ષ વાવે અને ઉછેરે એવી અપીલ પણ કરી છે. એટલું જ નહીં, ગાંધીનગર કલ્ચરલ ફોરમના આગેવાનો દરરોજ સેક્ટરે સેક્ટરે પસંદગીના પાંચ ઘરોના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરી રહ્યા છે. ગુરૂવારે સેક્ટર-૨માં પ્રકાશભાઈ લાલાની આગેવાનીમાં સાહિત્યકારો હરિકૃષ્ણભાઈ પાઠક અને પ્રજ્ઞાબેન પટેલના વરદહસ્તે વૃક્ષારોપણ પછી આજે સેક્ટર-૩માં બીપીનભાઈ રાવલ, મયંકભાઈ દવે અને ઉદય બ્રહ્મભટ્ટની આગેવાનીમાં ગાંધીનગર નાગરિક કો-ઓપરેટીવ બેંકના અગ્રણી વિક્રમભાઈ પટેલના વરદ હસ્તે વૃક્ષારોપણનું આયોજન કરાયું હતું. આવતીકાલે શનિવારે સેક્ટર-૨૩માં મંથનભાઈ ભટ્ટ અને ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર શ્રીમતી હેમાબેન ભટ્ટની આગેવાનીમાં વૃક્ષારોપણ યોજાશે.

ટીટનેસ અને ડિપ્થેરીયા જેવા રોગો સામે રક્ષણ મળે તે હેતુથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે ઝુંબેશ શરૂ કરી છે. સ્વામીનારાયણ સ્કૂલ, સેક્ટર-૨૩ ખાતે કિશોર અને કિશોરીઓને ટીટેનસ અને ડિપ્થેરીયાની રસી આપવામાં આવી હતી. અન્ય શાળાઓમાં પણ ટૂંક સમયમાં રસીકરણ શરૂ કરવામાં આવશે.

સરસ્વતી વિદ્યાલયમાં હર ઘર તિરંગા અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર,તા.૦૫

ગુરુવારના રોજ કલાઉત્સવ અને હર ઘર તિરંગા અંતર્ગત યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં સેક્ટર ૬ બી માં આવેલી સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ શાળાના શિક્ષિકા પારૂલબેન ઠાકરના માર્ગદર્શન હેઠળ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં કલાઉત્સવમાં ધોરણ ૬ની વિદ્યાર્થીની પરમાર નવ્યા સંગીત ગાયન સ્પર્ધામાં બીજા નંબરે વિજેતા થઈ હતી તેમજ હર ઘર તિરંગા કાર્યક્રમમાં પ્રજાપતિ જીયા ધોરણ : ૭ સંગીત ગાયન સ્પર્ધામાં બીજો નંબર, પરમાર મોહિત. ધોરણ ૮ વક્તૃત્વ સ્પર્ધામાં બીજો નંબર અને બારોટ નિકિતા ધોરણ :૮ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવ્યો હતો અને ઈનામો પ્રાપ્ત કર્યા હતા. સરસ્વતી વિદ્યાલયના મેનેજિંગ ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલાએ,આચાર્ય હિતેન્દ્રસિંહ પરમાર અને પ્રાથમિક વિભાગના આચાર્ય આશાબેન દેસાઈએ વિજેતા થયેલા તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર વતી અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાતી સાહિત્ય પરિષદમાં અનિલાબહેન દલાલનું વકતવ્ય

એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ" અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો

ગાંધીનગર, તા.૦૫

અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન સ્મૃતિ મંદિર સભાખંડમાં તાજેતરમાં "એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ" અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જાણીતા વિવેચક અને અનુવાદક અનિલાબહેન દલાલે પોતાની સર્જકીય કેફિયત રજૂ કરી હતી. પોતાના અભ્યાસથી શરૂ કરી બંગાળી ભાષા કેવી રીતે શીખ્યા, અનુવાદ કાર્યના અનુભવો, અંગ્રજી સાહિત્ય વાચન, વિવેચન લેખન -- એમ વિવિધ પાસાં આવરી લઈ પોતાની કેફિયત રસપ્રદ રીતે રજૂ કરી હતી. પરિષદના ઉપપ્રમુખ પ્રફુલ્લ રાવલે પ્રાસંગિક વકતવ્યમાં વિવિધ ઉત્તમ પુસ્તકો, વિવિધ અનુવાદો, નિબંધો વગેરેની સરસ વાત કરી હતી. જાણીતા સર્જક રઘુવીરભાઈ ચૌધરીએ ખાસ હાજર રહી લેખન, વાચન, સર્જકો સાથેના ખાસ સંદર્ભો વિશે સ્મૃતિઓ તાજી કરી હતી. પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે સહુને આવકારી પરિષદ પ્રવૃત્તિમાં સહુ સહભાગી બને એવો ભાવ દર્શાવ્યો હતો. એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત અગાઉ યોજાયેલ કાર્યક્રમો અને હવે થનાર કાર્યક્રમ વિશેની રૂપરેખા પ્રજ્ઞા પટેલે રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રજ્ઞા પટેલે તથા આભારવિધિ લતા હિરાણીએ કરી હતી. ઘણા ભાવકો ઉમળકાથી આ ઉપક્રમમાં જોડાયા હતા.

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા શ્રાવણ માસમાં સોમનાથ પ્રવાસ

ગાંધીનગર તા.૫

શ્રાવણ માસમાં કુદરત વર્ષોના કારણે સોળે કલાએ ખીલી ઉઠતી હોય છે તેવા શ્રાવણ માસમાં સંસ્કૃતિ મહિલા પરિવારે સોમનાથ, દિવ, વીરપુર અને કાગવડ (ખોડલધામ)ના પ્રવાસનું આયોજન પ્રમુખ પ્રતિભાબેને કર્યું હતું. તેમાં ગાંધીનગરની ૫૬ બહેનોએ ભાગ લીધો હતો. બહેનોએ આ પ્રવાસમાં ભગવાનના દર્શન કર્યા હતા તેમજ ભજનો, વિવિધ રમતો, શિવ મહિમ્નસ્ત્રોત અને આરતી કરી હતી. અન્ય રમતોમાં વિજેતા બહેનોને ઈનામો પણ એનાયત કરવામાં આવ્યા હતા.

"હર ઘર તિરંગા" અભિયાનને રંગે રંગાઇ રહેલું ગાંધીનગર

પાટનગરમાં અભિયાનને પ્રોત્સાહક પ્રતિસાદ સાથે ઉત્સાહનો મહોલ : તરંગા યાત્રા અને મશાલ યાત્રા સહિત વિવિધ પ્રવૃતિઓ યોજાઇ રહી છે : બાળકો-યુવાનો શાળા-કોલેજોમાંથી તિરંગાને અનુલક્ષીને વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઇ રહ્યાં છે : તિરંગાની ખરીદી માટે પુછપરછમાં વધારો

ગાંધીનગર, તા.૦૫

દેશભરમાં "હર ઘર તિરંગા અભિયાન" ચાલી રહ્યું છે જે અંતર્ગત ગાંધીનગરમાં પણ શહેરીજનોમાં આ અભિયાન અંગે ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરમાં અત્યારે ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, રાજકીય પાર્ટીઓના કાર્યકરો તેમજ બેંકો, બોર્ડ-નિગમના કાર્યાલયો સહિત સરકારી-અર્ધસરકારી એકમોમાં પણ આ અભિયાન અંતર્ગત તૈયારીઓ ચાલતી જોવા મળી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે "આઝાદીના અમૃત મહોત્સવ" હેઠળ ભારતની સ્વતંત્રતાના ૭૫ વર્ષની ગૌરવશાળી સિદ્ધિની યાદમાં ભારત સરકાર દ્વારા ચલાવવામાં હાથ ધરવામાં આવેલું અભિયાન છે. શહેરીજનો પણ પોતાના ઘર પર તા.૧૩થી ૧૫મી ઓગસ્ટ સુધી તિરંગો ફરકાવવા થનગની રહ્યાં છે જ્યારે બાળકો-યુવાનો શાળા-કોલેજોમાં આ અભિયાન સલંગ્ન ચાલી રહેલી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઇ રહ્યાં છે. શહેરના ખાદી ભંડાર સહિત વિવિધ સ્ટોલ્સ પર તિરંગાની ખરીદી માટે પુછપરછમાં વધારો જોવા મળી રહ્યો છે. આગામી તા.૧૫મી ઓગસ્ટ ૨૦૨૨ના રોજ ભારત અંગ્રેજોના શાસનમાંથી તેની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ કરશે. ભારતની આઝાદીની આ ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે ભારત સરકારે સ્વતંત્રતા સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપવા સાથે ભારતના લાંબા ઈતિહાસની ઉજવણી કરવાનું નક્કી કર્યું છે. આ રાષ્ટ્રીય તહેવારની ઉજવણી માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે અને આ ઉત્સવને સરકાર દ્વારા ''આઝાદી કા અમૃત મહોત્સવ'' નામ આપવામાં આવ્યું છે. આ ઉત્સવ અંતર્ગતનો એક કાર્યક્રમ ''હર ઘર તિરંગા'' છે. ગાંધીનગરમાં અત્યારે આ અભિયાનને અનુલક્ષીને ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરમાં છેલ્લાં ત્રણેક દિવસથી આ અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા, મશાલ રેલી, બાઇક રેલી, ચિત્ર સ્પર્ધામાં, નિબંધ લેખન સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા જેવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે. આજે શહેરના સેકટર-૧૬ની શાળામાં આ અભિયાન અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઇ હતી જેમાં શહેરની વિવિધ સ્કૂલના બાળકોએ ભાગ લીધો હતો. શહેરમાં મહાનગરપાલિકા દ્વારા પણ "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે જેમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન સહિતના હોદ્દેદારો જોડાઈને શહેરીજનોને પ્રોત્સાહિત કરી રહ્યાં છે. શહેરની શાળા-કોલેજો સહિતની શૈક્ષણિક સંસ્થાઓ વગેરેમાં પણ વિવિધ સ્પર્ધાઓ સાથે તિરંગા બનાવવાના કાર્યક્રમ હાથ ધરાઈ રહ્યાં છે. શાસક પક્ષના કોર્પોરેટર્સ અને ભાજપના કાર્યકરો-હોદ્દેદારો દ્વારા તેમના વોર્ડ્સમાં પણ તિરંગા યાત્રા સહિતના વિવિધ કાર્યક્રમો સાથે તિરંગાની વ્યવસ્થા કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત શહેરની વિવિધ સંસ્થાઓ પણ તેમાં જોડાઇ રહી છે જેમાં ગાંધીનગર કલચરલ ફોરમ દ્વારા તેના સભ્ય પરિવારોને ઘર પર તિરંગો લહેરાવવા માટે ધ્વજદંડ આપવાની જાહેરાત કરવામાં આવી છે. શહેરમાં કેટલીક સંસ્થાઓ દ્વારા રાષ્ટ્રધ્વજના વિતરણનું પણ આયોજ હાથ ધરવામાં આવી રહ્યું છે. શહેરના ખાદી ભંડાર સહિત વિવિધ સ્ટોલ્સ પર તિરંગાની ખરીદી માટે પુછપરછમાં વધારો જોવા મળી રહ્યો છે.

સોશિયલ મિડીયા પર શહેરીજનોએ તિરંગો મુક્યો

કેન્દ્ર સરકારે તમામ નાગરિકોમાં દેશભક્તિની ભાવનાને જગાડવા માટે આ અભિયાન શરૂ કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને દરેક ઘરમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો આગ્રહ કરવા ઉપરાંત વડાપ્રધાને નાગરિકોને તેમના સોશિયલ મીડિયા પ્રોફાઇલ પિક્ચર્સને તિરંગામાં બદલવા માટે પણ અનુરોધ કર્યો હતો જેનો પણ શહેરના નાગરિકોમાં પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે. ગાંધીનગરના અસંખ્ય નાગરિકોએ તેમના પ્રોફાઇલ પિક્ચર્સ અને ડીપી વગેરેમાં તિરંગાને મુક્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન સોશિયલ મિડીયા પર ખૂબ મોટી સંખ્યામાં ફેન ફોલોઇંગ ધરાવે છે અને સોશિયલ મિડીયા પર યુવાનોમાં તેઓ ખૂબ મોટી લોકપ્રિયતા ધરાવે છે જેઓ તેમના તમામ આહવાનને સહર્ષ ઉપાડી લે છે.

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં કોમર્સના વિદ્યાર્થીઓની બેંક મુલાકાત

ગાંધીનગર, તા.૫

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ ઘ-૦, ગાંધીનગર સ્થિત શાળાના શરૂ કરાયેલા કોમર્સ વિભાગના ધો.૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓએ અભ્યાસ સંદર્ભે વિષયની સારી સમજ કેળવવા બેન્ક અને એમસીબીએસ કંપનીની મુલાકાત લીધી હતી. શાળાના શિક્ષક કમલેશભાઈ ગણાત્રા અને હેતલબેન ગણાત્રાની સાથે વિદ્યાર્થીઓએ રસપ્રદ અને વિષયલક્ષી માહિતી મેળવી હતી. વિદ્યાર્થીઓએ આ મુલાકાતની વ્યવસ્થા કરી આપવા બદલ સંસ્થાના ટ્રસ્ટી પ્રદીપ ગગલાણી અને આચાર્યા જ્યોતિ ભાવસારનો આભાર વ્યક્ત કર્યો હતો.

શનિ-રવિ સાયન્સ સિટીમાં બીએસએફનું બ્રાસ બેન્ડ દેશભક્તિની ધૂન રેલાવશે

ગાંધીનગર, તા.૦૫

ગુજરાત સાયન્સ સિટી દ્વારા ''આઝાદી કા અમૃત મહોત્સવ'' અને ''હર ઘર તિરંગ" અભિયાનના ભાગ રૂપે પ્રેક્ષકોને તેમની દેશભક્તિની ધૂનથી મંત્રમુગ્ધ કરવા માટે ૬ઠ્ઠી અને ૭મી ઓગસ્ટ માટે સાંજે ૬થી ૮ દરમિયાન બીએસએફ - બ્રાસ બેન્ડ અને ઓર્કેસ્ટ્રાને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓને આમંત્રિત કરવામાં આવશે અને મુલાકાતીઓને પણ ભાગ લેવાની છૂટ છે. આ પ્રસંગે રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ અને બીએસએફના ગાંધીનગર ખાતેના ગુજરાત ફ્રન્ટિયર હેડક્વાર્ટરના ઈન્સ્પેક્ટર જનરલને આમંત્રિત કરવામાં આવ્યા છે. ગુજરાત સાયન્સ સિટી પણ આ પહેલમાં સક્રિય ભાગ લઈ રહી છે. તા.૨ ઓગસ્ટથી તા.૧૫ ઓગસ્ટ સુધી ચૌદ દિવસના કાર્યક્રમનું આયોજન અને અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમો દરમિયાન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા રાષ્ટ્રધ્વજ માટેની આચારસંહિતા માટે જાગૃતિ ફેલાવવા જેવી વિવિધ પ્રવૃત્તિઓ, હાથ બાંધવાની તાલીમ, રાષ્ટ્રધ્વજ માટે ગાંઠ, ધ્વજને યોગ્ય રીતે ફરકાવવો અને ઉજવણીની પૂર્વ તૈયારી તરીકે રાષ્ટ્રધ્વજ સાથે શું કરવું અને શું નહીં તે અંગે નાગરિકોને જાગૃત કરવા વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બાળકોમાં દેશભક્તિને પ્રોત્સાહિત કરવા રાષ્ટ્રધ્વજની થીમ સાથે ચિત્ર સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા યોજાશે. ગુજરાત સાયન્સ સિટી સમાજમાં વૈજ્ઞાનિક સ્વભાવ વિકસાવવા માટે પ્રતિબદ્ધ છે.

શ્રીજી શ્રી ગોવર્ધન નાથજી હવેલી, સેકટર ૨૧ ખાતે શુક્રવારે "ઈલાયચી" ના હિંડોળા દર્શન યોજાયા હતા.

આવતી કાલે સવારે સે.૧૨માં બલરામ મંદિર ખાતે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૦૫

ગાંધીનગરમાં છેલ્લાં આઠ વર્ષથી ચાલતી પુસ્તક પરબ દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવે છે. ઑગસ્ટ માસની પુસ્તક પરબ બલરામ મંદિર, ઉમિયા મંદિર પાસે, સેક્ટર - ૧૨, ગાંધીનગરમાં તા. ૭-૮-૨૦૨૨ રવિવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન યોજાશે. પુસ્તક પરબ પાસે ઉપલબ્ધ પુસ્તકો - સામયિકો પૈકી મુલાકાતીઓ બે પુસ્તક અને સામયિક વાંચવા લઈ જઈ શકશે. પુસ્તક પરબ માટે શિષ્ટ સાહિત્યના પુસ્તકો ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. ધાર્મિક, વિવિધ સંપ્રદાયની પુસ્તિકાઓ, ધાર્મિક સામયિકો પરબ માટે સ્વીકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવા ખાસ જણાવાયું છે. સાહિત્યિક સામયિકો, એ પણ છેલ્લા એક - બે વર્ષના હશે તો સ્વીકારવામાં આવશે. માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબ ટીમના મિત્રો દ્વારા ગાંધીનગરમાં આ પ્રવૃત્તિ નિઃશુલ્ક ચલાવવામાં આવે છે. શિષ્ટ સાહિત્ય વાચન અને માતૃભાષા ગૌરવના પ્રસાર હેતુ આ પુસ્તક પરબ પ્રવૃત્તિ યોજવામાં આવે છે. પુસ્તકપ્રેમી વડીલો, વિદ્યાર્થીઓ, બહેનો, ભાવકોને પુસ્તક પરબનો લાભ લેવા આત્મન સંસ્થા દ્વારા વિનંતી કરવામાં આવી છે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા આશ્રમ શાળામાં સેવાકાર્ય

મેઘરજ તાલુકાની નવી ઈસરી આશ્રમ શાળામાં શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વિવિધ કાર્યો સંપન્ન થયા હતા. ૧૧૫ બાળકોને નોટબુક, ચોપડા, પાટી-પેન, કંપાસ, પેન્સિલ, બોલપેન જેવી વસ્તુઓ આપવામાં આવી હતી. આ સાથે પ્રત્યેક બહેનોને લેન્ગીસ, ચપ્પલ પણ આપવામાં આવ્યા હતા. પાંચ વિદ્યાર્થીને દુરનુ દેખવા માટે ચશ્મા પણ અપાયા હતા જેમાં મીલીન્દભાઈ, આર્યન, રાજુભાઈ અને ભીમજીભાઈ જોડાયા હતા.